૪૧૩૯

मोतीशानां ढाळीयां.

ઢાળ ૧ લી—સુહુંકર સીદ્ધાચળ સેવીએ. એ દેશી.

ફરી પ્રભાતે પ્રભુ નમીએ, જઈ વીમલાચલ વાસમીએ;
અંતર ધ્યાન રસ રમીએ, વીમલગેરી રંગ રસ એવો
ત્રીભુવન તીરથ નહી એવો, વીમલગેરી રંગ રેસ શેવો. ૧
ગેરી સામા એક ડગ ભરીએ, કોડ હજાર ભવતરીએ;
સામા પાતીકડાં હરીએ. વીમલ૦ ૨
અમરીત પદ વરવા આવ્યા, પાંડવ પમુહા મુનીરાયા;
એસગેરી મુગતી પાયા. વીમલ૦ ૩
જાત્રા વિના ભોજન ન કરે, સુરશાનીધ અભિગ્રહ પુરે;
પુરવ ભવે શું શોક હરે. વીમલ૦ ૪
ખટમાસી જીન ધ્યાન ધરે, શુક રાજા નિજ રાજ વરે;
શેતરૂંજય ગેરી નામ કરે. વીમલ૦ ૫
સંઘવી થઈ સંઘ લેઈ ચાલે, શીધાચલ પંચ શનાન કરે;
શીરપર રાયણ દુધ ઝરે. વીમલ૦ ૬
ગુરૂ ઉપદેશ વચન વાશી, મુંબાઈ બંદર રહેવાશી;
સુરનર ગાવે સાબાશી. વીમલ૦
અમીચંદ સાકરચંદ તણા, કળીજુગમાં કલ્પવૃક્ષ બન્યા;
ઉપગારી તરૂછાયા ઘણા. વીમલ૦ ૮
શેઠ મોતીશા ધનરાસે, પુરે દીન દુખીયાની આશે;

કલકત્તા વળી મદ્રાશે. વીમલ૦ ૯
દરીઆ માંહી ઝાઝ ઘણાં, ચીન દેશ વિલાયત સુણા;
શેઠ મોતીશા નામ તણાં. વીમલ૦ ૧૦
કુંવરપદ ખીમચંદભાઈ, ઈંદ્ર જશોદ શું ઠકરાઈ;
સુરણ પુન્ય શું કમાઈ. વીમલ૦ ૧૧
શીધગેરી ઉપર ટુંક તણી, શેઠ મોતીશાને હુંશ ઘણી;
શ્રી શુભ વીર વચન સુણી. વીમલ૦ ૧૨

ઢાળ ૨ જી—સાંભરે તું સજની મોરી રજની ક્યાં રમીઆવીજીરે—એ દેશી

સંવત અઢારેસે અઠાશી માંહે, શીધગેરી શીખર વીચાલેજીરે;
કુંતાસરનો ખાડો મોટો, શેઠજી નયણે નિહાળે. મનને મોજેજીરે.
અંતર નયણાં નિહાળ, મનને મોજેજીરે. ૧
ભવભવતાં પુરણને હેતે, ખાંત મહુરત ત્યાં કીધુંજીરે;
સર સરપાવ ઘણા જાચકને, દાન અતુલ્ય ત્યાં દીધું; મન૦ ૨
ચોથે આરે બહુ ધનવંતા, પણ નવી ખાડો પુરાવ્યોજીરે;
આ કાળે મોતીશા શેઠે, કનક રૂપઈએ ભરાવ્યો. મન૦ ૩
તે ઉપર રમ્ય ટુંક બનાવે, મધ્ય ચઈત્ય વિશાલજીરે;
આજુ બાજુ ચૈત ઘણાં છે, જંબુ તરૂ પરિવાર. મન૦ ૪
રીખવદેવ પુંડરીક પ્રમુખની, પડીમાં ગણ હજારોજીરે;
નવી ભરાવી અર્હત ઉદારે, વિધીશું શાસ્ત્ર પ્રમાણ. મન૦ ૫
અંજનશલાકા પ્રમુખ સામગ્રી, મેળવતાં ગુરૂ સંગેજીરે;

નવલાખ ઉપર સતસેંસ રૂપઈયા, ખરચાણું મન રંગે. મન૦ ૬
અમરચંદ ખીમચંદ દમણના, શેઠજી આગે પ્રધાનોજીરે;
ભાઈ અનોપમ દોય સહોદર. અવસર ઉચીતના જાણ. મન૦ ૭
મોહોટા મંદીર પાસે દેહેરૂ, તે પણ શીખર કરાવેજીરે;
નેમીનાથ આદે બહુ પ્રતિમા, સુંદર તેહ ભરાવે. મન૦ ૮
શશી મંડળ ફરતા ગ્રહમંડળ, તીમ જીન ચૈત્ત ઘણેરાજીરે;
શોહેશ ગમે કારીગર કામે, લાગે ઉઠી સવારે. મન૦ ૯
કલ્યાણજી કહાનજીનો નંદન, દીપચંદ ગુણ પરીણામેજીરે;
એ ટુંક પાછળ ટુંક કરાવે, શેઠ મોતીશા હુકમે. મન૦ ૧૦
તાણુઆમાં મહુરત લીધું, અંજનસલાખા કેરૂજીરે;
શ્રી શુભવીર જીનેસ્વર ભગતે, ઉલ્લસીત ચીત ભલેરૂ. મન૦ ૧૧

ઢાળ ૩જી—અનીહાંરે વાલોજી વાયછે વાંસળીરે. એ દેશી.

અનીહાંરે શેઠ સજાઈ કરે સંઘનીરે, તે સાંભળી દેશ વીદેશ;
લોક સજે ઘણાં સંઘમાંરે,
અનીહાંરે દેવજઘણા દેવ લોકમાંરે, શેઠના ગુણ ગાય વીશેશ; લો. ૧
અનીહાંરે દક્ષીણુલા ગુણ શેઠનીરે, પારસ સમ સ્વર્ગે ગવાય; લો. ૨
અનીહાંરે દક્ષીણુતાપણુ આપણુરે, નહી લોપો એમ દીલ ધાય. લો. ૩
અનીહાંરે સ્વર્ગે શેઠને તુલસ્યારે, કરો પાવન અમ ઘર આજ. લો. ૪
અનીહાંરે ગામ ગયાં સુતાં જાગશેરે, રખે લાગશે ઘરના કાજ. લો. ૫
અનીહાંરે ખીમચંદભાઈ ને શેઠજીરે, દીએ હેત શીખામણ સાર. લો. ૬
અનીહાંરે પુત્ર સલાઈ સુને હજોરે, કુલ દીપક છો નીરધાર. લો. ૭

અનીહાંરે સંઘવીપદ ધરી સાચવોરે, પ્રતિષ્ઠા સંઘ હજુર. લો. ૮
અનીહાંરે ગુરૂ ભગતી ગુણ દાનથીરે, કાઢ્યો દાળીદ્ર દુર. લો. ૯
અનીહાંરે પત્ર લખી પેટીમાં ઠવ્યોરે, તે માંહી સરવે વીચાર લો.૧૦
અનીહાંરે ભાદરવો બાણુંઆ તણોરે, શુદ પડવે ને રશીવાર. લો. ૧૧
અનીહાંરે મહુરત લેઈ શીધાવીયારે, કાંઈ શેઠજી સરગે મોઝાર લો.૧૨
અનીહાંરે મોતીશાજી મરણ ગયારે, એમ બોલે તે લોક ગમાર લો.૧૩
અનીહાંરે બીજે દીને શશી ઉગીઓરે, જેનવા ખીમચંદભાઈ દેદાર.લો ૧૪
અનીહાંરે સજન તે સુખીયા થયારે, નવી ધરવો શોક લગાર લો ૧૫
અનીહાંરે ત્રણ તો માસ વીતી ગયારે, જનકાગમ છોડી આસ લો.૧૬
અનીહાંરે અગરચંદ સમજાવતાંરે, જબ આવે માગસર માસ લો.૧૭
અનીહાંરે ઉજવણી તીજે કંકોતરીરે, લખી દેશ વીદેશ મોઝાર. લો.૧૮
અનીહાંરે પોશ તણી સુદ સાતમેરે, કાંઈ દેરાદીધા પૂર બાહાર. લો.૧૯
અનીહાંરે ખીમચંદભાઈ હસ્તી ચઢયારે, કરે ટોપીવાળો સરપાવ લો.૨૦
અનીહાંરે શ્રી શુભવીર મંગળીકનોરે, હોય શબ્દ શુકનના ભાવ.લો.૨૧

ઢાળ ૪ થી—ભરતની પાટે ભુપતીરે, એ દેશી.

સંઘવી હસ્તી શીરે ચઢયોરે, વધાવતી નરનાર સલુણા;
દેહેરાસર આગે કરીરે, દેરા દીયા પૂર બાહાર સલુણા;
રંભરશીલા સાંભળોરે, સંઘની શોભા અપાર સલુણા. રંગ ૧
પાળાઈ કોરટના ધણીરે, દીએ પરમાણુ સનુર સલુણા;
હુકમ શેઠ ખીમચંદનોરે, રાજા રહે હજુર સલુણા. રંગ ૨
સંઘ લેઈ સીધાવીયારે, ઊતરીયા જઈ ઠેઠ સલુણા;

ક૧૮૫

(૫)

પોશ વદી પડવે દીનરે, વંદા જીન કરી ભેટ સલુણા. રંગ ૩.
દેરા તંબુ કચેરીઓરે, દેખી દેવ વીમાન સલુણા;
કુંપની બાહાદુર વાવટોરે, વાજીંત્ર ડંકે નિશાન સલુણા. રંગ ૪
રાજનગરના સંઘવીરે, શેઠ હિમાભાઈ આય સલુણા;
મોહોટા નાના સંઘવીરે, તે પણ ભેળા થાય સલુણા. રંગ ૫
સોરઠ કછ હાલારનારે, ગુજરાતી ગોહલવાડ સલુણા;
પુરવ દક્ષણ માળવોરે, મરૂધરને મેવાડ સલુણા. રંગ ૬
સંઘ સવાલાખ આસરેરે, સંજત એક હજાર સલુણા;
કરી મંડપ પધરાવતારે, પડીમાં પાંચ હજાર સલુણા. રંગ ૭
માતા દીવાળી બાઇનેરે, દેખી હરખ ન માય સલુણા;
પુત્ર વધામણી શેઠનેરે, દેવા સ્વર્ગે સબાસ સલુણા. રંગ ૮
શેઠ મોતીશા સાંભળીરે, શાન્ન કરે તતખેવ સલુણા;
શાળીભદ્રને પુરતારે, જેમ ગોભદ્ર દેવ સલુણા. રંગ ૯
બીંબ પ્રતિષ્ટા અંજનેરે, મહુરત લીઓ શીકાર સલુણા;
માહા માસે જોશી દીયોરે, શુધ દશમી બુધવાર સલુણા. રંગ ૧૦
તપગછ ખડતર સાગરેરે, સુરતર ત્રણ મીલાય સલુણા;
વદ દશમી જળ જાત્રારે, તીરથનાં જળ લાય સલુણા. રંગ ૧૧
જાગ ચઢી એક દેવતારે, મંડપ બીંબ સુહાય સલુણા;
દ્વાદસી કુંભથાપણારે, રાતી જગા નીત થાય સલુણા. રંગ ૧૨
શ્રીફળ આદે પ્રભાવનારે, દેવા નવી નવી ચીજ સલુણા;
શેહેસગમે દીવા ઝગેરે, લેતી વીસામા વીજ સલુણા. રંગ ૧૩
પુજન નંદા વરતનુંરે, દીશે દીસ બળીદાન સલુણા;
અષ્ટ દીગપાળની થાપનારે, મંત્ર કરી આહવાન સલુણા. રંગ ૧૪

ખીમચંદભાઈના સંઘનેરે, સાનીધ કરજો દેવ સલુણા;
શ્રી શુભ વીરને આસરેરે, સુખ લીલા નીત મેવ સલુણા. ૧૫

ઢાળ ૫.

ચોથે દીન ખેતરવાળનેરે લોલ, શાશનની રખવાળનેરે લોલ;
ચોસઠ ઈંદ્રને નોતર્યારે લોલ, બાહાર ભુતળ બળી બાકળારે લોલ
પુજા કરી શીદ્ધચક્રનેરે લોલ, વીશ સ્થાનક પંચમે દીનરે લોલ;
શેઠ શેઠાણી રૂડે મનેરે લોલ, ઈંદ્ર ઈંદ્રાણી છઠે દીનરે લોલ.
ચ્યવન કલ્યાણક સાચવેરે લોલ, સ્વરગે થકી ઘરભેઠ વેરે લોલ:
ચઊદ સુપન રાત્રી શીરેરે લોલ, સુપન પાઠક ફળ ઉચરેરે લોલ.
જનમ્યા પ્રભુની વધામણીરે લોલ સંઘવી ઈંદ્રદીએ ઘણીરે લોલ;
છપનદીગ કુમરી નમેરે લોલ રાતે ઉત્સવ દીન સાતમેરે લોલ.
કેળ ઘરે નવરાવતીરે લોલ, પુજી ઘેર પધરાવતીરે લોલ;
ભેટ કરી ગુણું ગાવતીરે લોલ, રાસ રમી ઘેર જાવતીરે લોલ.
આઠ ઈંદ્રાણી આવતીરે લોલ, હાથમાં લેઈ કંકાવટીરે લોલ
ખીંબ નવા સંઘાયશુરે લોલ, તીલક કરે નીજ હાથશુંરે લોલ.
ઈંદ્ર ચોસઠ હવે મળ્યારે લોલ, ખીમચંદભાઈ ઘરે આવીયારે લોલ;
સોહમ ઈંદ્ર મૂગટ શીરેરે લોલ, હસ્તી શીર ચમર ઢળેરે લોલ.
ઈંદ્ર ઘણા મૂગટે જડાવારે લોલ, ચારઠ રથ ઘોડે ચડયારે લોલ;
પાલખીઓને મેના ઘણુંરે લોલ, સાજન કેરી નહી મણારે લોલ
રાગ તાન ગણી જાતનારે લોલ, વજાં તે વાગે વીલાયતનારે લોલ
કંદોઈ માગ સંચર્યારે લોલ, મંડપ જઈ ઉતર્યારે લોલ.

મેરૂ સિંહાસન બેસીઆરે લોલ, નાથને ખોળે નીવેસીયારે લોલ;
ઇંદ્ર ચોસઠ નમન કરેરે લોલ, પછે હીમાભાઈ ખોળે ધરેરે લોલ.
શેઠ ખીમચંદભાઈ ગંગા જળેરે લોલ,નાથ સીરે કળશા ઢળેરે લોલ;
મણી કનક કુશમે કરેરે લોલ. ઇંદ્ર ગયા ઘેર હાહમાંરે લોલ.
શનાત્ર અઠોતરી આહમેરે લોલ, દૈવત પડીમાં શારેરે લોલ;
દેવ બળીએ આપતારે લોલ, બાલ ક્રીડા નિશાળનારે લોલ.
ઉત્સવ રંગ વધામણારે લોલ, જોબન વય પ્રભુ પામતારે લોલ;
શ્રી શુભ વીર પરણાવતારે લોલ.

ઢાળ ૬ ઠી—હવે વીવાહ સામગરી મેહેરેલી. એ દેશી.

હવે વિવાહનો વરઘોડોરે, ભલો વર કન્યાનો જોડોરે;
સાજન સાએલા સાથેરે, રામણુ દીવો મુધી વહુને હાથેરે.
જયવંતાજી ૧

એમચંદભાઈ પ્રભુ કર ધરીયારે, અમરચંદ ઘેર ઉતરીયારે;
ચોરી પુંખી નવી વહુ લાવેરે, વરકન્યાં ત્યાં પરણાવ્યારે. જ૦
માંહો માંહે વસ્ત્ર ઘરેણાંરે, વરકન્યાને નજરાણાંરે;
દોઅ પક્ષ ધવળ ગવરાણાંરે,પછી મંડપ ઘર પધરાવેરે. જ૦
રાજભાર ધરી કર લીધારે, લોકાંતિક દિક્ષા વેળારે;
પ્રભુ હુકમ લેઈ બહુ માનરે, શેઠ દેતા વરસીદાનરે. જ૦
નવમો વરઘોડો સાર લેઈ, પંચ ગહા વરત બારેરે;
શેઠ ઇંદ્ર તણો અવતારરે, જીન ખંધે ઠવે હોશાળારે. જ૦
બીઅ કેસર સુગધરે, દસમે દીન કંકણ બાંધીરે;

શુધ મંત્ર પવિત્ર સુરંગીરે, મીંઢળને મરડા સંગીરે. જ૦
પીડીકા ધુપ દીપક શેણીરે, ભળ બાકુળાને પાણીરે;
સનમે નાણી પરતે ફેરેરે, કોસંબી વસ્ત્ર ઢાંકેરે. જ૦
અર્હતવંદન વસ્ત્ર ઊઘાડીરે, અધિષ્ઠાયક થાપના કારીરે;
સ્થીર લગ્નને વાસ્તે બણીઓરે, શુધ અંજન શોચન સળીયેરે. જ૦
દશમી બુધવાર જગીશરે, ઘડી બારને પળ એકવીસરે;
કરે અંજન નયન વિશાળારે, જોતાં પ્રગટ થઈ તે વેળારે. જ૦
સુળ નાયક આદે ધારીરે, પૂખાણ કરે તે ચારે રાણીરે;
દેવ મંગળ વાજાં વાજેરે, સહુ બીબને શેઠજી પુજેરે. જ૦
કલ્યાણક પંચ સુહાવેરે, સીત સુંદરી તીલક વધાવેરે;
અઠોતરી સ્નાત્ર કરાયેરે, શુભ વીર વચન રસ ગાવેરે. જ૦

ઢાળ ૭મી—એક સમે શામળીઓજી. એ દેશી.

મંડપ ઊભા એમ કહે મન ગોહનજી, કાંઈ સંઘવી સંઘવણ હોય, મનડું મોહ્યુંરે મન મોહનજી, ભવો ભવ સરણ તુમારડું મન મોહનજી. આદેશર અમને હોય મન૦

જન્મ સફળ અમે માનશું મન૦ જીન મંડળી મુખડાં દેખ મન૦ ભુખણ ચામર છત્રશું, મન૦ પ્રભુ આગળ ભેટ વીશેશ મન૦ ૨ સમોવરણ વાનગી મ૦ શીધગેરી ઉપર મેં કીધ મન૦ ત્યાં સાહિબને પધરાવીયા મન૦ પ્રભુ આગળ ભેટ વીશેશ મન ૩ અમરચંદ ધન વાવરે મન૦ રાજા મંત્રી સજણ મન૦ પ્રભુ નોતરી ઘેર આવીઆ મન૦ ઉપર ઉત્સવ મન૦ ૪ માહા વદીમંડાણ

બીજે સ્થાપિયા મન૦ મુળનાયક રીખભજીણંદ મન૦ પુંડરીક ગ ણધર સનમુખે મન૦ આનંદી તે શેઠ ખીમચંદ મન૦ ૫ વિમળ વસી ખરતર વસી મન૦ છીપાવસી ત્રીજી જાણુ મન૦ પ્રેમાવસી ચોથી ભલી મન૦ મોતી વસી મંડાણુ મન૦ ૬ એ વશ છે પંચ મ મન૦ જીમ પાંચ ધ્યાન વિશાળ મન૦ વખત વસી છઠી ભલી મન૦ બાળાવસી સાતમી સાર મન૦ ૭ શાંકરચંદ પ્રેમચંદની મ ન૦ કાંઈ પાસની ટુંક વીચાર મન૦ કુંટાશન ચકેસરી મન૦ પંચ મી વડા રહી રખવાળ મન૦ ૮ સ્વામી ઉત્સવ બહુ કર્યા મન૦ ધ ન ખરચ લખ્યુ નાહી જાય મન૦ ગરૂ પધરામણી બહુ કરી મન૦ પુજાદિક શનાત્ર ભણાય મન૦ ૯ સંઘ માલ શુદી ફાગણે મન૦ શુધ બીજ ઉત્સવ થાય મન૦ આ જગમાં આ વારતા મન૦ કાંઈ પડછો નવી દેવાય મન૦ ૧૦ તાલ ધજાદિક તીરથે મન૦ વંદી વ ળીઆ નીજ ઘેર મન૦ પુન્ય કરીને અવતરા મન૦ આગળ પુ ય બાંધે એહ મન૦ ૧૧ તીરથ રૂપ એ સંઘ છે મન૦ ભગવતી સુત્રે એ પાઠ મન૦ ગુણવંતના ગુણ એમ સુણવા મન૦ આ સંઘ નો દેખી ઠાઠ મન૦ ૧૨ ખેમાવીજય જશ ગુરૂ તણા મન૦ શ્રી શુભ વીરવિજય મુનીરાજ મન૦ પ્રભુસે મગન સદા સુખી મન૦ કહે વિરવિજય મહારાજ મન૦ ૧૩

રાજુલના બાર મહીના.

મધુબિંદુ સમો સંસાર મુઝાના મારતાં, સંસાર સુખી અણગાર જીનેશ્વર બોલતાં. આંકણી

સખી તોરણ આઇ કંથ ગયા નિજ મંદીરે, જેને નજરે મેળાવો કીધ, તે મુજ સાંભર; ઘેર લાવંતા આલી હાથ હું હેઠી ઉતરી, પણ ફરી વરઘોડો આજ છબીલે છેતરી. મ૦ ગા૦ ૧ સખી સારે કહુ અવદાત વિજોગી દુખી તણા, દુનીઆમાં દુરીજન લોક હાંસી કર ઘણા; મીઠી લાગે પરની વાત અગન પગ ના લહે, કેહેનાં મોભ ચુવે કેનાં નેવ તે મુખ ના કહે. મ૦ ગા૦ ૨ સખી શ્રાવણ છડે મેહેલી મહીઆરી તળે, છડે છટકી વારથી વેલ વાળી ના વળે; કામ કરતી ફરતી ધરતી ઝરતી વાદળી, ગયો શ્રાવણ માસ નિરાસ રાજુલ એકલી મ૦ ગા૦ ૩ સખી ભાદરવે ભરથાર વિના કેમ રીઝીએ, વીરહાનલ ઉઠી જાલ ધુઆ વીના દાઝીએ; ફુળ પાકાં કરશણ સાર ના ખાઈએ ખેલીએ, હોત દુઃખના દહાડા બે ચાર ચાધેરા ઠેલીએ. મ૦ ૪ વણે આસો માસે સેવ સુવાળી સુખડી, ગયા દસરે દસરાના દીન દીવાળી ઢુંકડી; સખી લાંઘણ કરીએ લાખ સરસ નવી ભોજના, રંગ તાનને નાટક સાર પીઉ વિના પેખના. મ૦ ૫ કારતક માસે કેલ કરે નરનારી બાગમાં જેને માસે ટહુકે ટાઢ કુમારી રાગમાં; જેના વાલમ ગયા વિદેસ સંદેશો મોકલે, મારે ગામ ધણી ઘર વાટ વસે પિયુ વેગળે. મ૦ ૬ સખી માગશરે માગણનારે મનોરથ પુરતાં, મને મેલી ગયા બાળે વેશ ચતુર ગુણ ચુરતાં; સખી કોઈરે સંદેસો લેઈ આવે આજ મુજ કને, તેને દેઉ મોતનકો હાર અમુલખ ભુસણે. મ૦ ૭ પોસ માસ પોતાની છોડી શિયાળે ચાલીયા, વાલ્હેસર વિના વેરણ રાત સુનાં મેહેલ માળીઆં જાય જોબનીયું ભરપુર અરણ જેમ માલતી, જેના પેઉ યા પરદેશ દુખે દીન કાઢતી. મ૦ ૮ પેઉ માહ માસે મલ જ-

ઓરે હિમાળો હાલશે, રજની એક તે વરસ સમાન વીજોગે સાલશે, લંકાથી સીતા ખટ માસ રામ ઘેર લાવીયા, એવા વહી ગયા સાતે માસ પ્રીતમ ઘેર ન આવીયા. મ૦ ૯ હલકારો વ-સંત વસંત આકાસેથી ઉતર્યો, માનુ ફાગણ સુરનર રાય મળી નેનરે; હોળી ખેલે ગોપી ગોવીંદ હમું ઘેર આવતી, અલી કરશું ઝંપાપાત વિજોગે માલતી. મ૦ ૧૦ સખી ચઈતરે અંત થકી વીછોહી વાલમે, આવા દુઃખના દહાડા કેમ જાય ઉગે રવી આથમે આંમ્બ માચાયને મળી જાયરે ઉઘાડે વેગળો, સામળીયો સીધ સં-ઊમાં આગળો મ૦ ૧૧૨ મેં હંશ જુગલ શુક મોર ચકોર સ-રોવરે, નિજ નાથ સઈવરની સાથ રખે રમે વણુ ધરે; મુખ મ-જરીઆળા ડાથ કોયલ ટઉકતા, સખી વાતમાં વીત્યો વસંત; રૂએ રાજેમતી. મ૦ ૧૨ સખી વઈસાખે વન માંહી હિંચોળે હીચતાં કદળી ફુલ ઘર બીછાય ખુશાથી નાચતાં, સરોવર જળ કમળે કેલ કરતાં સજવી, સુજ છબીલી નાર લગન લેઈ લાજવી મ૦ ૧૩ જેઠ માસ જુલમના તાપ તપતાં જુતળા, ચાડ માઞનો મેઘ વી જોગ બળે તરૂ કુતલા; પશુ પંખી વિસામા ખાયરે શિતળ છાયા તરૂ, મારે પેઉ વિના નહિ વીસરામ નાતીનેરે નોતરૂં. મ૦ ૧૪ સખી આવીઓ માસ અસાડ ભરે જળ વાદળી, ગરજાવર ટઉકે મોર ઝબુકે વીજળી; વરસા તે વસુધા નવ પલવ હરીયા ધરે, નદી નાળે ભરીયાં

નીર બપઈઓ પીયુ પીયુ કરે મ० ૧૫ ચોમાસે તરૂમલ રમતાં પંખીયા, એમ વીતારે બારે માસ પ્રીતમ ઘેર ના આવીઆ, શ્રાવણ છઠે સ્વામી ગયા સેહેસાવને, લેઈ સંજમ કેવળી થાય દીન પંચાવને. મ० ૧૬ નેમ મુખથી રાજુલ નવ ભવ નેહ નીહાળતી; વૈરાગ સુધારસ લીન સદા મન વાળતી; કાલતરે નેમ દયાળે તીહાં દેશના દેઈ, પ્રભુ હાથ સાહેલી સાથે રાજુલ દીક્ષા લઈ. મ० ૧૭ લેઈ કેવળી કરી ગીરી સાથ બેઉ જુગતે ગયા, બેની પ્રીતમ સાદી અનંત ભાગે ભેળા થયા, શુભ વીર વીજય સુખ લીન મગન વીભોગતા. મ० ૧૮

નેમનાથનો સલોકો.

સરસ્વતી માતા તમ પાયે લાગુ, દેવગરૂ તણી આજ્ઞા માગુ;
જીભા અગ્રે તું બેશજે આઈ, વાણી તાણી તો કરજે સવાઈ.
ઓછો પાછો કોઈ અક્ષર થાવે, માફ કરજોજે કાંઈ દોશ ના આવે;
તગણ સગણને જગણની દાઠ, તે આદે દેઈ ગણ છે આઠ.
કીયા શારાને કીયા નભેદ, તેનો નવ જાણું ઊંડારથ ભેદ;
કવિજન આગળ મારી સી મતી, દોષ ટાળજો માતા સરસ્વતી.
નેમજી કેરો કહું શલોકો, એક ચીતથી સાંભળજો લોકો;
રાણી સીવાદેવી સમુદ્ર રાજા, તે કુળ કરવા આવ્યા દીવાજા.
ગરભે કારતક વદ બારશે રહ્યા, નવ મસવાડા આઠદીન થયા;
પ્રભુજી જનમ્યાની તારીખ જાણું, શ્રાવણ સુદ પાંચમ ચિત્રા વખાણું
જનમ્યા તણી તો નોબત વાગી, માત પીતાને કીધાં વડભાગી;
તરીઆ તોરણ બાંધ્યાં છે બાહાર, ભરિ મુક્તાફળ વધાવે નાર.

અનુક્રમે પ્રભુજી મોટેરા થાય, ક્રીડા કરવાને નેમજી જાય;
સરખે સરખા છે સંગાથે છોરા, લટકે બહુ મુલા કલંકી તોરા.
રમત કરતા જાય છે તીહાં, દીઠી આયુધશાળા છે જીહાં;
નેમ પુછે છે સાંભળો ભ્રાત, આતે શું છે કહોને વાત.
ત્યારે સરખા સહુ બોલીયા ત્યાં વાણ, સાંભળો નેમ ચતુર સુજાણ;
તમારો ભાઈ ક્રશ્નજી કહીએ, તેને બાંધવા આયુદ્ધ જોઈએ.
શંખ ચક્રને ગદા એ નામ, બીજે બાંધવા ઘાલે નહી હામ;
એવો બીજો કોઈ બળીઓ જો થાય, આવા આયુદ્ધ તેણે બંધાય.
નેમ કહે છે ઘાલું હું હામ, એમાં ભારે શું મોટું છે કામ;
એવું કહીને શંખજ લીધો, પોતે વગાડી નાદજ કીધો.
તે ટાણે થયો મોટો ડમડોલ, સાહેરનાં નીર ચઢ્યાં કલોલ;
પરવતની ટુંકો પડવાને લાગી, હાથી ઘોડા તો જાય છે બાગી.
ઝબકી નારીઓ નવ લાગી વાર, ટુટયા નવસરા મોતીના હાર;
ધરા ધરૂજીને મેઘ ગડગડીઓ, મોટી ઈમારતો ટુટીને પડીઓ.
સહુના કાળજા ફરવાને લાંગ્યાં, સ્ત્રિ પુરૂપ જાય છે ભાગ્યાં;
ક્રશ્ન બળભદ્ર કરે છે વાત, ભાઈ શો થયો આતે ઉતપાત.
શંખ નાદ તો બીજે નવ થાય, એવો બળીયો તો કોણ કહેવાય;
કાહાડો ખબર જે આતે શું થયું, ભાગ્યું નગર કે કાંઈ ઉગરીયું.
તે ટાણે ક્રશ્ન પામ્યા વધાઈ, એતો તમારો નેમજી ભાઈ;
ક્રશ્ન પુછેછે નેમને વાત, ભાઈ શો કીધો આતે ઉતપાત.
નેમજી કહે સાંભળો હરી, મેં તો અમસ્તી રમત કરી;
અતુળીબળ દીઠું નાહુડે વેશે, ક્રશ્નજી જાણે રાજને લેશે.
ત્યારે વીચારે દેવ મોરારી, એને પરણાવું સુંદર નારી;

ત્યારે બળ એનું એટલુંજ થાય, તેતો આપણે અહી રહેવાય.

એવો વીચાર મનમાં આણી, તેડયાં લક્ષ્મીજી આદે પટરાણી:
જળ ક્રીડા કરવા સરવે જાઓ, નેમને તમો વીવાહ મનાવો.

ચાલી પટરાણી સરવ સાંજે, ચાલો દેવરીયા નાવાને કાજે;
જળ ક્રીડા કરતાં બોલ્યાં રૂક્ષમાણી, દેવરીયા પરણો છબીલી નારી.

વાંઢા નવ રહીએ દેવર નગીના, લાવો દેરાણી રંગના ભીના;
નારી વિના તો દુખ બહુ છે ઘાડુ, કોણ રાખશે બાર ઉઘાડુ.

પરણ્યા વિના તો હવે કેમ ચાલે કરી લટકોને ઘરમાં કોણ માહાલે;
ચુલો ફુકશો પાણીને ગળશો, વેહેલા માંડા તો ભોજન મળશે.

બારણે જશો આડકાની તાળું, આવી અસુરા કરશો વાળું;
દીવાને બતી કોણજ કરશે, લીપ્યા વિના તો ઉધેરા વળશે.

વાસણ ઉપર તો નહી આવે તેજ, કોણ પાથરસે તમારી સેજ;
પ્રભાતે લુખો ખાખરો ખાશો, દેવતા લેવા સાંજરે જાશો.

પેટની વાતો કોને કહેવાશે, તે દીન નારીનો ઓરતો થાશે;
પરણ્યા આવીને પાછા જે જાશે, દેશ વિદેશ વાતો બહુ થાશે.

મોટાના છોરૂ નાનેથી વરીઆ, મારૂ કહ્યું માનો દેવરીયા;
ત્યારે સતભામા બોલ્યા ત્યાં વાણ, સાંભળો દેવરીયા ચતુરસુજાણ.

ભાભીનો ભરૂસો નાશીને જાશે, પરણ્યા વિના કોણ પોતાની થાશે;
પેહેરી ઓઢીને આંગણે ફરસે, ઝાઝાં વાનાં તે તમોને કરશે.

ઉંચા મન ભાભી કેરા કેમ સહેશો, સુખ દુખની વાત કોણ આ-
ગળ કહેશો.

માટે પરણો પાતળીયા રાણી, હું તો નહી આપું નાવાને પાણી.
વાંઢા દેવરને વીશ્વાસે રહીએ, સગા વાહાલામાં હલકાજ થઈએ;
પરણ્યા વીનાતો સુખ કેમ થાશે, સગાને ઘેર ગાવા કોણ જાશે.
ગણેશ વધાવા કોને મોકલશો, તમો જાશો તો શી રીતે ખલશો;
દેરાણી કરો પાડ માનીશું, છોરૂ થાશે તો વીવાહ માણીશું.
માટે દેવરીયા દેરાણી લાવો, અમપર નથી તમારો દાવો:
ત્યારે રાધીકા આઘેરાં આવ્યાં, બોલ્યાં વચનો મોહોડું મલકાવી.
રી વાતો કરો સરવે સખી, નારી પરણવી રમત નથી;
કાયર પુરૂષનું નથી એ કામ, વાવરવા જોઈએ ઝાઝેરા દામ.
ઝાંઝર નેપુરને ઝીણી જવમાળા, અણવટ વીછુવા ચારે રૂપાળા;
પગપાને ઝાઝી ઘુગરીઓ જોઈએ, મોહોટે સાંકલે ઘુઘરા સોહીએ;
સોના ચુડલો ઘુઘરીના ઘાટ, છલાં આંગુઠી આરીસાના હાટ;
ઘુઘરી પોંચીને વાંક સોનેરી, ચંદન ચુડીની ભાત બલેરી.
કહ્યાં સાંકળા ઉપર સિંહ મોહોરા, મરકટ બહુ સુઘાંગ બલેરા,
તુરી પાટીયાં જડાણ જોઈએ, કાળી ગાંઠીથી મનડું મોહીએ.
કલી સોહીએ ઘુઘરીયાળી, મનડું લોભાય જુમણું ભાળી;
નવસેરો હાર મોતીની માળા, કાને ટોડા સોનેરી માળા.
મચકણીયાં જોઈએ મુલ ઝાઝાના, ઝીણા મોતી પાણી તાજાનાં;
લીલાવટ ટીલી શોભે બહુ સારી, ઉપર દામણી મુલની ભારી;
સીર ચુંદડી ઘરચોળાં સાડી, પીળી પટોળી મુલની ભારી:
આંટ ચુંદડીઓ કસબી જોઈએ, દસરા દીવાળી પેહેરવા જોઈએ.
મોંઘા મુલના કમખા કહેવાય, એવડું નેમથી પુરૂ કેમ થાય;
માટે પરણ્યાની વાતે છે નાય, નારીનું પુરૂં શીરીતે થાય.

ત્યારે લક્ષ્મીજી બોલ્યાં પટરાણી, દીયરના મનની વાતો મેં જાણી:
તમારૂં વેણુ માથે ધરીશું, બેહુનુ પુરૂ અમો કરીશું.
માટે પરણોને અનોપમ રાણી, તમારો ભાઈ દેવ મોરારી;
બત્રીસ હજાર નાર છે જેને, એકનો પાહાંડ ચડશે તેને.
માટે રૂદીએથી શીકર ટાળો, કાકાજી કેરૂ ઘર અજવાળો;
એવું સાંભળી નેમ ત્યાં હસીયા, ભાભીના બોલ રૂદીયામાં વસીયા.
તાંહાંતો ક્રશ્નને દીધી વધાઈ, નિશ્ચે પરણશે તમારો ભાઈ;
ઉગ્રસેન રાજા ઘેર છે બેટી, નામે રાજુલ ગુણની પેટી
નેમજી કેરો વીવાહ ત્યાં કીધો, શુભ લગ્નનો દીવશ લીધો;
મંડપમાં ઘાલ્યા ક્રશ્નજી રાય, નેમને નીલ ફુલેકાં થાય.

પીઠી ચોળે ને માનની ગાય, વરળ મંગળ અતિ વરતાય;
તરીયા તોરણ બાંધ્યાં બાહાર, મળી સોહાસણ નેમનેગ ાય.

જાન સજાઈ કરે ત્યાં સારી, સવાલાખ કરે દેવ મોરારી;
વહુવારૂ વાત કરે છે છાંને, નહી રહી ઘેર જઈશું જાને.

છપન કરોડ જાદવનો સાથ, ભેળા ક્રશ્ન ને બળભદ્ર ભરાત;
ચઢીયા ઘોડલે મેના અસ્વાર, સુખપાળ કેરો લાધો નહી પાર.

ઘોડવેલ ચારંડો બગી બહુ જોડી, મેના ગાડીઓ જોતરીયા ઘોરી;
બેઠા જાદવ વેઢ વાંકડીયા, શોવન મુગટ હીરલે જડીયા.

કડા પુચીઓ બાજુબંધ કશીયા, શાલો દોશાલા ઓઢે છે રસીયા
છપનકોટીતો બરોબરીઆ જાણું, બીજા જાનઇયા કેટલા વખાણું

જાનડી શોભે બાળુડે વેશે, પીવેકે મોતી પરોવે કેશે;
સોળ શણુગાર ધરે છે અંગે, લટકે અલબેલી ચાલે ઉછરંગે.

શીલાવટ ટીલી દામણી ઝળકે, જેમ વીજળી વાદળે સળકે;
ચંદ્રવદની અધા જો નેણી, શીલકી જેની નાગશી વેણી.
રથમાં બેસીને બાળક ધવરાવે, બીજી પોતાનું ચીર સમરાવે;
એમ અનુક્રમે નાર્ય છે ઝાઝી, ગાય ગીત ને થાયછે રાજી.
કોઈ કહે ધન રાજુલ અવતાર, નેમ સરખો પામી ભરથાર;
કોઈ કહે પુન્ય નેમનું ભારી, તે થકી મળીયા રાજુલ નારી.
એમ અન્યોન્ય વાદ વદેછે, મોહોંડાં મલકાવી વાતો કરેછે;
કોઈ કહે અમો જઈશું વેહેલી, બળદને ધીતો પહશુ પહેલી.
કોઈ કહે મારા બળદ ભારી, પોહોચી ન શકે દેવમોરારી;
એવી વાતનાં ગપોળાં ચાલે, પોતે પોતાના મગનમાં માહાલે.
બહોતેર કળા ને બુધ વીશાળ, નેમ નાહીને પેહેરે સણગાર;
પેહેરી પીતાંબર જરકસી જામો, પાસે ઉભા રહ્યા નવસાનો મામો.
માથે મુગટ હીરસે જડીઓ, બહુ સુસોછે કસબીનો ઘડીઓ;
બારે કુંડળ બહુ સુલાં મોતી, શેહેરની નારી નેમને જોતી.
કંઠે નવશેરો મોતીનો હાર, બાંધ્યાં બાજુબંધ નવ લાગી વાર;
દસે આંગળીએ વેઢને વીંટી, ઝીણી દીસેછે સોનેરી લીટી.
હીરા બહુ જડીયા પાણીના તાજા, કડાં સાંકળાં પેહેરે વરરાજા;
મોતીનો તોરો મુગટમાં ઝળકે, બહુ તેજથી કલગી ચળકે.
રાધાએ આવી આંખડી આંજી, બહુ ડાહી છે નવ જાએ ગાંજી;
કુમકુમનુ ટીલુ કીધુંછે ભાલે, ટપકું કસ્તુરી કેરૂ છે ગાલે.
પાન સોપારી શ્રીફળ જોડે, ભરી પોસને ચઢ્યા વરઘોડે;
ચડી વરઘોડે મંડપમાં આવે, નગરની નારી મોતીએ વધાવે.
વાજાં વાગે ને નાટારંભ થાય, નેમ વીવેકી તોરણ જાય;

મુસળ મુસળ ને રવઈઓ લાવ્યાં, પોંખવા કારણું સાસુજી આવ્યાં.
દેવ વીમાને જોયછે ચડી, નેમ નહી પરણે જાશે આ ઘડી;
એવામાં કીધો પશુએ પોકાર, સાંભળો અરજી નેમ દયાળ,
તમે પરણુશો ચતુરસુજાણુ, પરભાતે જાશે પશુઓના પ્રાણ;
માટે દયાળું દયા મનમાં દાખો, આજ પસુડાંને જીવતાં રાખો.
એવો પશુઓનો સુણી પોકાર, છોડાવ્યા પશુડાંને નેમ દયાળ;
પાછા તો ફરીઆ પરણ્યા તો નહી, કુંવારી કન્યા રાજુલ રહી.
રાજુલ કહેછે ન સીધ્યાં કાજ, દુશ્મન થયાં પસુડાં આજ;
સાંભળો સરવે રાજુલ કહેછે, હરણીને તાંહાં ઓળંભો દેછે.
ચંદ્રમાને તે લંછન હરાવ્યું, સીતાનું હરણુ તેતો કરાવ્યું;
માહારી વેળા ક્યાં થકી જાગી, નજર આગળથી જાનેતુ ભાગી.
કરે વિલાપ રાજુલ રાણી, કરમની ગતી મેતો નવી જાણી;
આઠ ભવની પ્રીતીને ઠેલી, નવમે ભવ કુંવારી મેલી.
એવું નવ કરીએ નેમ નગીના, જાણું છું મન રંગના ભીના;
તમારા ભાઈએ રણમાં રઝળાવી, તેતો નારી ઠેકાણે ન આવી.
તમો કુળ તણો રાખોછો ધારો, આ ફેરે આવ્યો તમારો વારો;
વરઘોડે ચઢી મોટો જશ લીધો, પાછાં વળી ફજેતો કીધો.
આંખ્યો આંજાવી પીઠી ચોળાવી, વરઘોડે ચઢતાં શરમ કેમ નાવી
મોહાટે ઉપાડે જાન બનાવી, જાનીઓ પાસે આણ્યાં મંગરાવી.
એવા ઠાઠથી સરવેને લાવ્યા, સ્ત્રી પુરુષને ભલા ભમાવ્યા;
ચાનક લાગે તો પાછેરા ફરજો, શુભ કારજ એ સાર કરજો.
પાછા ન વળીઆ એકજ ધ્યાન, દેવા માંડ્યું ત્યાંહાં વરસીદાન;
દાન દઈને દીક્ષાની કીધી, શ્રાવણ સુદ ૬ નો મહુરત લીધો.

દિક્ષા લીધી ત્યાં ન લાગી વાર, સાથે મુનિવર એક હજાર;
ગીરનારે જઈને કારજ કીધું, પંચાવનમે દીન કેવળ લીધું.
પાચ્યાં વધાઈ રાજુલ રાણી, પીવા ન રહ્યાં ચાંગળું પાણી;
નેમને જઈને ચરણે લાગી, પેહલી પામે મોજ ત્યાં માંગી.
આપો કેવળ તમારી કાહાનું, હુતો શોકને જોવાને જાઉં;
દીક્ષા લઈને કારજ કીધું, ઝટપટ પોતે કેવળ લીધું.
રાજુ અખંડ એવાતણુ રાજ, ગયા શિવ સુંદીર જોવાને કાજ;
સુદની આઠમ અસાડ ધારી, નેમજી વરીયા શીવવધુ નારી.
નેમ રાજુલની અખંડ ગતિ, વરણુવ કેમ થાયે માહારીજ વતી;
જથારથ કહું બુધી પ્રમાણે, બેહુના સુખની કેવળી જાણે.
ગાશે ભણશે ને જે કોઈ સાંભળશે, તેના મનોરથ પુરા એ કરશે;
શીવનુ ધ્યાન રૂદીએ જ ધરશે, તેતો શીવવધુ નિરચેજ વરસે.
સંવત ઓગણીસે શ્રાવણ માસ, વદની પાંચમનો દીવસ ખાશ;
વાર સુકરનું ચોઘડીયું સારૂં, પ્રસન થયું મનડું માહારૂં.
ગામ ગાંગડના રાજા રામસંગ, કીધોં શ્લોકો મનને ઉછરંગ;
માહાજનના ભાવ થકી મેં કીધો, વાંચી શ્લોકો સારો જશ લીધો.
શેહેર ગુજરાત રેહેવાશી જાણો, વિશાશ્રીમાળી નાત પ્રમાણો;
પ્રભુની કીરપાથી નવનીધ થાય, બેહુ કરજોડી સુરસસી ગાય.
નામ દેવચંદ પણ સુરસસી કહીએ, બેહુનો અર્થ એકજ લહીએ.
દેવચંદ સુરચંદ છે સસી, રસીક વાણી રૂદીયામાં વસી.

નેમનાથમાં સાત વાર.

આદી તે અરીહંત અમ ઘેર આવેરે;

મારા સ્વામ સલુણા નેમ દીલમાં લાવોરે. ૧
શોભે તે શુભ સણગાર સજીએ સંગેરે;
મારા જુગજીવનની સાથ રમીએ રંગેરે. ૨
મંગળ શુભ દીન આજ મંગળ ચારૂરે;
કાંઈ નવ ભવ કેરો નેહ હું સંભારૂરે. ૩
બુધ ઘેર આવો નાથ બુધ માહાબળીઓરે;
પ્રભુ એક સેહસને આઠ લક્ષણ ભરીઆરે ૪
ગુરૂ ગીરવા ગુણવંત સીવા દેવીનારે;
કાંઈ સમુદ્ર વિજય કુળચંદ નેમ નગીનારે. ૫
શુક્ર સેહેસાવન ચાલો સજનીરે;
મારે સમય થયો પ્રભાત વીતી રજનીરે. ૬
શનીવારે સંજમ લીધ પ્રિત વધારીરે;
હોનું પામ્યા પરમાનંદ નેમને નારીરે. ૭
કહે કુળચંદ જે એમ આશા ફળશેરે;
જે નીરમળ પાળે સીયળ ભવજળ તરશેરે. ૮

આરતી.

જયદેવ જયદેવ, જય મુક્તિ દાતા પ્રભુ૦
તુજને વંદન કરીએ, સુખ તારા સાતા. જયદેવ. ૧
આદિનાથ અજીત, સંભવ સુખકારી; પ્રભુ.
કષ્ટ અમારાં કાપો હે, ભવ ભયહારિ. જયદેવ. ૨
અભિનંદન સુમતી, પદ્મ પ્રભુ પ્યારો; પ્રભુ-
સુપાર્શ્વ ચંદ્ર સુબુધી, સીતળ ભવતારો. જયદેવ.

પાશુ હંસ વીમલ, અનંત ગુણ ભરીઆ; પ્રભુ.
કલુ'ા ભવોના કપી, શીવ રમણી વરીઆ. જયદેવ. ૪.
શ્રી ધરમ ધુરંધર નાથ, આપ વસ્યા મુક્તી; પ્રભુ.
શાંતીનાથ સુણો શુત્ર, દાસ તણી ભક્તી. જયદેવ. ૫.
કુંથુ નાથ કોડે, કાઢ કું વનમાંથી; પ્રભુ.
અર મલીને પ્રણમું, તારો કર સાથી. જયદેવ. ૬
મુનીસુવ્રત સ્વામી, અગનીત મુજ ખામી; પ્રભુ.
જાચુ સીર હું નામી, તાર અંતરજામી. જયદેવ. ૭.
નમીનાથ ભગવાન, ભાવ ધરી ભાળો; પ્રભુ.
નીરમળ નેમ નગીના, દુઃખ સરવે ટાળો. જયદેવ. ૮.
પારશ્વ તું પરમકૃપાળ, જન પાલનહારો; પ્રભુ.
વર્ધમાન નિત વંદુ, ભવજળથી તારો. જયદેવ. ૯.
ચોવીશજીન ભક્તિ, ભાવ ધરી કરશે; પ્રભુ.
જન્મ મરણ દુઃખ ટાળી, મુક્તિને વરશે. જયદેવ. ૧૦.
નમી તુજને કહે નેમ, નાથ તુ છે મારો; પ્રભુ.
જૈન પ્રવર્તક મંડળ, સાસન સૌ તારો. જયદેવ. ૧૧.

ગૌતમ અસ્ટક છંદ.

વીર જીણેસર કેરો શીષ, ગૌતમ નામ જપો નિસ દીસ;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન. ૧
ગૌતમ નામે ગીરીવર ચઢે, મન વાંછીત હેલાં સંપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સરવે સંજોગ, ૨
જે વરી વીરૂવા વંકડા, તસ નામે નાવે ઢુંકડા;

ભૂત પ્રેત નવી ગંઠે પ્રાણ, તે ગૌતમનાં કરૂં વખાણ. ૩
ગૌતમ નામે નિરમલ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જીનસાસણ શ્રીણગાર. ગૌતમ નામે જય જયકાર. ૪
સાલ દાલ સુરહા ઘ્રાત ઘોલ મન વછિત કાપડ તંબોલ;
ઘરણ ઘરણી નિરમલ ચિત, ગૌતમ નામે પુત્ર વીનિત. ૫
ગૌતમ ઉદગો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગ જાણ;
મોટા મંદીર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાંણ. ૬
ઘર મયગલ ઘોડાની જોડ, વારૂ પોહોચે વંછીત કોડ;
મહીયલ માને મોટા રાય, જો તુઠે ગૌતમના પાય. ૧૭
ગૌતમ પ્રણમ્યા પાતીક ટલે. ઉતમ નરની સંગતમળે;
ગૌતમ નામે નિરમલ ગ્નાન, ગૌતમ નામે વાધે વાંન. ૧૮
પુન્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ;
કહે લાવણ્ય સમે કરજોડ, ગૌતમ તુઠે સંપત કોડ. ૯

સાખીઓ

સાધુ સેજે સુખીયાં દુઃખીઆ નહી લવલેશ;
આઠ કરમને જીતવા, પેહેરો સાધુનો વેશ. ૧
સાધુ શેજે દુબળા, લોક જાણે સીદાય;
જેને દુઃખ દીઠાં પાછલાં, તે કેમ માતા થાય. ૨
લુખો સૂકો ખાઇસેં, દીએ દીએ પ્રાણ આધાર;
ચાલતાં હાડ ખડખડે, જેમ ખાખરનાં પાન. ૩
દઢ પ્રીયારી હત્યાગારી, કીધાં કરમ અઘોર;
પણ તપના પ્રભાવથી, કંઠયાથી કર્મ કઠોર. ૪

વીધન ટળે તપ ગુણ થકી, તપથી જાય વીકાર;
પરસંક્ષો તપ ગુણ થકી, વીરધનો અણગાર. ૫
કરમ તપાવે ચીકણા, ભાવ મંગળ તપ જાણ;
પચાસ લબ્ધી ઉપજે, જય જય તપ ગુણ ખાણ. ૬
મુનીવર ચૌદ હજારમાં, સરણીક સભા મોજાર;
વીરજીણંદ વખાણીઆ, ધન ધન્નો અણગાર. ૭
માળા તો મનકી ભલી, ઓર કાષ્ટકા ભાર;
માળા બીચારી કયા કરે, ફેરવનાર ગમાર. ૮
માળા તો મનકી ભલી, બીચમે પાયા સૂત;
સાધુ જનકી એક ઘડી, મુરખકા જનમાર. ૯
ઝર ઝર ઝર બાદલ ઝરે, ગટા ચડી ગમઘોર;
ત્યાં મૂનીવર ધ્યાને રહ્યા, વંદુ બે કરજોડ. ૧૦
ચંદન કેરી લાકડી, મુલીમાં વેચાય;
મુરખ સાથે ગોઠડી, પોતાના ગુણ જાય. ૧૧
સુરતરૂ જાણે ન કેતકી, ગુંથી ફુલની માળ;
ત્રીસલા નંદન પુજીએ વરીએ સીવ વરમાળ. ૧૨
સુતદાયક સુત દેવતા, વંદુ જીન ચોવીસ;
ગુણ સીવચમના ગાવતા, જગમાં હોય જગીસ. ૧૩
ત્રણ જાતની વાણી, ત્રણ જગતને ખાય;
જીવતાં ચુસે કાળજું, મુવે નરક લેઇ જાય. ૧૪
સોરઠ દેશમાં સંચર્યો, ન ચડયો ગઢ ગીરનાર;
પણ સેતરૂંજી નદી નાહયો નહી, તેનો એળે ગયો અવતાર. ૧૫

છપન ઉપર છ ગયા, સાંભળ ઘરની નાર;
જેને શેતરૂંજો ભેટ્યો નહી, તેનો એળે ગયો અવતાર. ૧૬

ચઈતવંદન.

હરીગિત છંદ.

વિમલ કેવળ ગ્યાન કમલા કલિત ત્રિભૂવન હિતકરં;
સુરરાજ સંસ્તુત ચરણ પંકજ નમો આદી જીનેશ્વરં. ૧
વિમલ ગીરીવર સુગમંડણ, પ્રવર ગુણ ગણ ભુધરં
સુર અસુર કિંનર કોડી સેવીત નમો આદી જીનેશ્વર. ૨
કરતી નાટીક કિનરિ ગણ ગાય જીનગુણ મનહરં;
નીરજળાવરી નમે અહનિશ નમો આદિ જીણેશ્વરં. ૩
પુંડરીક ગણધર પતિ શિદ્ધિસાધી કોડી પણ મુનિ મનહરં;
શ્રી વીમલ ગીરીવર શ્રૃગ શિદ્ધા નમો આદિ જીનેશ્વરં. ૪
નીજ સાધ્ય સાધન સુર મુનિવર કોડીનંત એ ગીરીવર;
મુગતી રમણી વરયા રંગે નમો આદિ જીનેશ્વરં. ૫
પાતાળ નર સુર લોક માંહી વિમળ ગિરિવર તો પર;
નહી અધીક તીરથ તીરથ પતી કહે નમો આદી જીનેશ્વરં. ૬
વિમળ ગીરીવર શીખર મંડન દુઃખ વીહંડણ ધ્યાઈએ;
નિજ શુદ્ધ શત્તાં સધનાર્થ પરમ જ્યોતિને પાઈએ. ૭
જીતમોહ કોહ વીછોહ નિદ્રા પરમ પદ સ્થીત જયકરં;
ગીરીરાજ સેવા કરણ તત્પર પદમ વીજય સુહીતકરં. ૮

ચઇતવંદન.

ચોટક.

અરીહંત નમું નમું શિદ્ધ નમું આયરિએ ઊવઝાય નમું
નમું નમું સરવે સાધુ નીરંજન, કેવળી વંદે જીન ધર્મ નમું.
બાર દેવલોકે નવ ગ્રૈવેક, પંચ અનુત્તર ચૈત્ય નમું;
ભુવનપતિ વ્યંતર નંદીશ્વર, શાશ્વત અશાશ્વતાં ચૈત્ય નમું;
શેત્રુંજા અષ્ટાપદ ગિરનાર પાવા, આબુ સીમેતશીખરે નમું;
ચતુરવીધ સયલશંગ મંગલ ભણતાં, ભક્ત ભણે નિત્ય નિત્ય નમું.

સ્તવન.

રાગ કલ્યાણ.

મરાઠી રાહ ઉપર.

શ્રી જગતગુરૂ પ્રભુ ધ્યાન હું ધરૂં, વિનય ભાવ સહીત સ્વામી
વંદના કરૂં; આં.

અસરણ સરણ તરણ તારણ જીન દુઃખ વિદારણ દેવ;
સીવ સુખ કારણ નરક નીવારણ, સુરપતી સારે શેવ.
નાથ નીરંજન જન મન રંજન, ભય ભંજન ભગવાન;
વામાનંદન કરમ નીકંદન, જગવંદન જસવાન. શ્રી. ૧
અશ્વશેન કુળચંદ કંદશુખ, નીલકમલ દળકાય;
રિદ્ધી સીદ્ધી નવનીધી નીપજે, પ્રણીપત કરતાં પાય. શ્રી. ૨
શ્રી શંખેશ્વર તું પરમેશ્વર, જીવવંતા જીનરાજ;
જરા નીવારી જાદવ કેરી, સરળ દેવ શિરતાજ. શ્રી. ૪
જૈન પ્રવરતક મંડળ પ્રભુમેં, પદ પંકજ પરમેશ;

મોતીસુત કેશવપર કરૂણા કરી, અર્પો દર્શ હમેશ. શ્રી ૫

(રાગ કલ્યાણ મરાઠી રાહ ઉપર.)

શ્રી જગતપતી પ્રભુ આપ સુમતિ રાગ દ્વેષ સર્વ ટાળી વાર દુર્ગતી.

પરમેશ્વર પરમાતમ તુજને, પુજુ રાખી પ્રેમ;
દીનાનાથ દયાળ દેવ તું, તાર ધરીને રેહેમ. શ્રી. ૧
ક્રોધ લોભને દુંપદ માયા, આદીક દોષ રહીત;
મુક્તી સ્થાને તુજ બિરાજે, હું સહુ દોષ સહીત. શ્રી. ૨
અષ્ટ કર્મનો ઘાત કરીને, ઉતર્યા છો ભવપાર;
ભવસાગરમાં હું અથડાઉંછું, હાથ ગ્રહો આધાર. શ્રી. ૩
મુસલમાની ખ્રીસ્તી, વેદાંતીક, શીવ ધર્મો જેહ;
તેથી મુજ મનડુ નવ રીઝે, જીનપર પૂરો નેહ. શ્રી. ૪
બાળપણામાં ભાગ્યહીન હું, ચાહાતો ખ્રીસ્તી ધર્મ;
પામ્યો જીન ચીંતામણ જગમાં, ઉઘડ્યું મારૂં કર્મ. શ્રી. ૫
જ્ઞાનવંત જીવો, ધ્યાન ધરીને, ખોળો જીન ભંડાર;
ગુણાનંદજ મળશે તમને, નહી સંદેહ લગાર. શ્રી. ૬
રાજનગરમાં આદીતવારે, સુંદર સાયંકાળ;
તે સમયે સ્તવ્યા આગમપર, મહેર કરો જગપાળ. શ્રી. ૭
જૈન પ્રવર્તક મંડળ તુજનો, વંદે વારંવાર;
મુક્તિ દોલત પુરશોત્તમ દો, સીતાપુરના રહેનાર. શ્રી. ૮

નેમનાથનું સ્તવન.

મત જાવરે પીયા તુજ વારૂંગી એ રાહ.

લેતા જાવરે સામળીયા બીડી પાનનકી, બીડી પાનનકી. એ આં.

કથા ચુના લવીંગ સોપ્પારી, વારી તોરે દીલ જાનનકી. લેતા.
તાલ મરદંગ શરણાઈ શરોદા, બાજી બની રંગ તાનનકી. લેતા.
સહેસાવનકી કુંજ ગલનમે, લગી જરી શુભ ધ્યાનકી. લેતા.
કહે નથુ ધરમ પ્રકાશીત, હું બલીહારી કેવળ ગ્નાનનકી. લેતા.

સ્તવન.

(અરે લાલદેવ ઈસતરફ જલદી આ એ દેશી.)

અહો ઈશજીન તુ સદા દીલદાર, અનંતા દુઃખી ભવમાંથી ઉગાર;
અતી હેતકારી સદા સુખકાર, સૂખી શિવપૂરમાં જવા મુજ તાર.
પ્રભુ સેવકોને તમે તારનાર, અહો દેવ હું તો નમુ વારંવાર;
જાતોલખ ચોરાસી ભમ્યો દુઃખસાર, પુરવ પુન્યે પામ્યો હું તારો દેદાર.
સભા જૈન વદે તને ક્રોડવાર, નમે ભકત દોલતરે ભવપાર.

શ્રી અધ્યાતમનું સ્તવન.

અવસર બેર બેર નહી આવે, જ્યું જાણે ત્યું કરલે ભલાઈ
જન્મ જન્મ સૂખ પાવે, હો અવસર બેર બેર નહી આવે.
તત ધન જોબન સબહી જુઠો, પ્રાણ પલકમાં જાવે. અવસર
તન છુટે ધન કોણ કામકો, કાયાકુ કરપણ કહાવે. અવસર.
જાકે દીલમે સાચ બસતહે, તાકુ જુઠ ન ભાવે. અવસર.
આનંદઘન પ્રભુ ચલતપંથમે, સમર સમર ગુણ ગાવે. અવસર

નેમનાથની ગજલ.

રાજુલ પુકારે નેમ પીઆ, એસી કયા કરી;
મુજ કયુ ચલેજી; ચુક હમસે કયા પરી, રાજુલ.
કાંઈ આશકી નિરાસ, ઉદાસીનતાં ધડી;
ખારે વશ નહી હમેરે, પ્રીતમ પીડમાં પડી. રાજુલ.
હમેશ રહો ન જાય પ્રીતમ, તુમ વિના ઘડી;
સંધ લીજીએ દયાલ, દયા ધરમ આદરી. રાજુલ.
નીશદીન તુમેરે નામ હેતે, ગ્યાનકી ઝરી;
મુનીચંદ્ર વીજેચંદ્ર ચરણ, ચીતમાં ધરી. રાજુલ.

દાહીયાં.

બડો ચતુર પેલા ટોપી વાળો અગનગાડી ચલાવીરે એ રાગ.
અંતર મેલ મીટે નહી મનકો ઉપર તન કયા ધોયારે. ટેક.
સોળ સણુગાર સજીરે શીરપર મુખડા કાચમે જોયારે. અં
અગર અત્તર અબીલ અગરજા ગંદી દેહશુ મોહ્યારે. અં
સરસ આહાર કરી તનને પોશી ત્રીઆ પલંગપર શોયારે. અં
કહે જીનદાસ અક્ષ્ય અમરપદ જબ નીરખ્યા તબ રોયારે. અં

દાહીસું.

કામ છે કામ છે કામછેરે મારે કેશરીઆ બાબાનું રૂડુ કામ છે
ચરણ સેવાનુ મારે કામછેરે મારે કેશરીઆ બાબાનુ રૂડુ કામછે
ઋસ નામે ભવજળ દધી તરીએ સબલ સરનનુ કામ છેરે. મા.

કોઈ સેવે શંકર કોઈ સેવે બ્રહ્મા કોઈ વીશનવ કોઈ રામછેરે. મા. ૨
મુળચંદ કહે જય જગજીવન ધુળેવા નગરજીન ધામછેરે. મા. ૩

હાલીયું.

મારા મુખડાં ઉપર વારી લાલ લટકાળા૦
લટકે ચંદન બાલા તારી લાલ લ૦
કીધું સુળીનું સીંઘાસણ લાલ લટ૦
ઉગાર્યો શેઠ સુદર્શન. લાલ લટ૦
ચરણે ચંડકોસીઓ ડશીઓ લાલ લ૦
એતો દેવલોક જઈ વસીઓ લાલ લ૦
માટે રીત તમારી ન્યારી લાલ લ૦
શુરશસીને બલીહારી લાલ લટકાળા૦

હાલીયું.

મારી આંખડલીમાં કામણ કીધું છેલ છોગાળા.
ચીતડું મારૂ ચોરી લીધું છેલ છોગાળા.
પ્રભુજી દીસો છો અંતરીક્ષ છેલ છોગાળા.
મુને લાગી પ્રેમ કટારી છેલ છોગાળા.
તેનું દરદ કયાં જઈ કરીએ છેલ છોગાળા.
તમને મુકીને કયાં રહીએ છેલ છોગાળા.
તમે તો ઘણાંના કારજ કીધાં છેલ છોગાળા.
હવે તો તુમ ચરણે આવ્યાં છેલ છોગાળા.
તુમથી બાંધી પુરણ પ્રીત છેલ છોગાળા.

એ શુરસસીને લાગી મીઠી છેલ છોગાળા.

હોહીચું.

લગી તોરે ડર સખાર્‍રે ખુમારીયા. ટેક.

ભાગ ધંતુરા મુને કેફ ન ભાવે. બીન કેફે સુધ બીસારીયાં લગી. ૧

ગ્યાનકા બાન ભરી ભરી મારે મારી મોહે પ્રેમકી કટારીયાં. લગી૦ ૨

તાળી ત્રુપી કરતાં મથન ભગોહે. રૂપચંદ પીયા વારીયાં. લગી૦ ૩

નિંદ્રા વિશે હોહીચું.

સોવે સોવે સારી રેન ગુમાઈ, વેરણ નિંદ્રા કાંહાંસેરે આઈ;

નિંદ્રા કહે મેં બાળીરે ભોળી, બડે બડે મુનીજનકું નાંખુ ઢોળી. વેર૦

નિંદ્રા કહે મેં જમકી દાસી, એક હાથમેં મુંગતી દુસરે હાથમેં ફાંસી વેર૦

સમય સુંદર કહે સુનો બાઇ બનીયાં, આપ મૂએ સારી દુબ ગઇ
દુનીયાં. વેર૦

સજાય.

આપ સભાવમાંરે અબધુ સદા મગનમાં રહેના;

જગત જીવહે કરમાધિનાં, અચરીજ કછુઅન લીના. આ૦ ૧

તુમ નહી કેરા કોઈ નહી તેરા ક્યાકેર મેરા મેરા;

તેરા હેસો તેરી પાસે, અવર સબે અનેરા. આ૦ ૨

વપુવીનાસી તુ અવીનાસી, અબહે ઈનકું વીલાસી;

વપુ શંખ જબ દુરમી કાસી, તબ તુમ શીવકા વાસી. આ૦ ૩

રાગને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકાં ઈસા. આ૦ ૪
પરકી આશા સદા નીરાશા, એહ જગ જન પાસા;
તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખ વાસા. આ૦ ૫
કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીરતી ગાજી, સબ પુદગળકી બાજી આ૦ ૬
શુધ્ધ ઉપયોગને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કરમ કલંકકું દૂર નીવારી, જીવ વરે સીવનારી. આ૦ ૭

સમાપ્ત.

जाहेर खबर.

નીચે સહી કરનાર તરફના પ્રગટ થએલ કુંડળીઓ કે આ નીશાળો તથા સરકારી ઓફીસ કચેરીમાં ચાલતી ઓફીસ તથા ગુજરાતી ચોપડીઓના અર્થ તથા તરજુમાઓ તથા ડીક્-શનરીઓ અને મુંબાઈના છાપેલાં પુસ્તકો, સંસ્કૃત હીંદુ-સ્તાની ગુજરાતી તથા નાટકો જૈન ધર્મના તથા વૈષ્ણવ ધ-ર્મના તથા વારતાઓ. કાયદાઓ તથા કોશાઓ તથા વૈદ-કના પુસ્તકો વીગેરે બીજી ઘણી જાતના પુસ્તકો અમારી પાસેથી સરસ છાપના સસ્તી કીમતે મળશે. માટે સામગ્રી લેવી હોય તેમણે પોષ્ટપેડ કાગળ લખી ખુલાસો કરવા. ના-બેરીંગ કાગળ લેવામાં આવશે નહી.

	શેઠ. મહાદેવ રામચંદ્ર.
અમદાવાદ.	ઠે. ત્રણ દરવાજાના મેદાનમાં ખાલે-ટની હવેલી નીચે પુસ્તકખાનું.